સુવિચાર : એક માનવી એ બીજા માનવીના મન સુધી પહોંચવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો છે 'નિઃસ્વાર્થ સ્નેહભર્યો વ્યવહાર' - મનુસ્મૃતિ

**તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૩૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૯ | ૯ જાન્યુઆરી, ૨૦૧૬, શનિવાર ; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ત્રાસવાદીઓના ઉસ્તાદનો ફોન નંબર આખરે હાથમાં આવ્યો
- પઠાણકોટ હુમલાના પુરાવા પાકિસ્તાનને આપી દેવાયા
- તપાસ ઝડપી કરવા આઈબી વડાને નવાઝ શરીફનો હુકમ
- સલવિન્દરના પોલિગ્રાફી ટેસ્ટ માટે તખ્તો ગોઠવાયો
- મંદી પર અંતે બ્રેક : ૮૩ પોઇન્ટનો સુધારો
- પાકિસ્તાન અને અફઘાનમાં પુનઃ ભૂકંપનો આંચકો
- ગુરદાસપુર ખાતે વધુ બે ત્રાસવાદીઓ દેખાયા છે
- ક્રિસ ગેઇલ પર વિશ્વવ્યાપી કોન્ટ્રાક્ટ પ્રતિબંધની માંગ
- ઓડ ઇવન સ્કીમ એક સપ્તાહ સુધી લંબાવાશે

# ઉત્તર ભારતમાં ઠંડી-ધુમ્મસ : અનેક ટ્રેનો રદ



## ૧૩૦થી પણ વધુ ટ્રેન રદ થતાં મુસાફરો અટવાયા : ધુમ્મસના કારણે ઘણી જગ્યાઓએ અકસ્માતો સર્જાયા

નવી દિલ્હી,તા. ૮

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સ્થિતી વચ્ચે મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવામાં આવી છે. ધુમ્મસની ચાદર છવાઈ જતા સાવચેતીના પગલારૂપે ટ્રેનો રદ કરવામાં આવી છે. કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી હતી. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથકથી સવારમાં નિકળતી આશરે ૬૦ ફલાઈટ મોડેથી રવાના થઈ હતી. કેટલી ફલાઈટ રદ કરવામાં આવી પર પણ લોકો અટવાયા હતા. બીજી બાજુ સવારમાં સેંકડો ટ્રેનો રદ કરવામાં આવતા વિવિધ સ્ટેશન પર અંધાધુંધીની સ્થિતી રહી હતી. લોકો અટવાઈ પડ્યા હતા. હવામાન વિભાગના અધિકારીએ માહિતી શકે છે તેવી આગાહી પણ કરવામાં આવી છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં ધુમ્મસની ચાદર યથાવત રહે તેવી શક્યતા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ રવિવારથી ઠંડીના પ્રમાણમાં

ફલાઈટો પણ રદ કરવામાં આવી છે. હવે કેટલાક દિવસ સુધી લોકોને મુશ્કેલનો સામનો કરવો પડી શકે છે. ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં સવારથી ધુમ્મસની ચાદર જોવા મળી હતી. આજે સવારે ૧૩૦થી વધારે છે તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી.

બીજી બાજુ લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. ધુમ્મસના કારણે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં હાઈવે આપતા કહ્યુ છે કે શનિવારના દિવસે તાપમાનમાં નોંધપાત્રરીતે ઘટાડો થઈ શકે છે. તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. દિલ્હી-નોઈડા વચ્ચેના માર્ગ પર કેટલાક અકસ્માતો પણ નાના થયા છે. હળવો વરસાદ પડી વધારો થઈ શકે છે.

રાજસ્થાનના વિવિધ ભાગો તીવ્ર ઠંડીના સકંજામાં છે. તાપમાન ત્રણથી લઈને આઠ ડિગ્રી વચ્ચે નોંધાઈ ગયું છે. આવી સ્થિતિમાં લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

# સંજયદત્તની વહેલી મુક્તિમાં અવરોધ

## આગામી સપ્તાહમાં સુનાવણી હાથ ધરાશે : અભિનેતા સંજયદત્તને ફેબ્રુઆરીના અંતે છોડી મુકવાની હિલચાલની સામે વાંધો ઉઠાવીને અરજી કરવામાં આવી

મુંબઈ,તા. ૮

બોલિવુડના વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા સંજયદત્તની વહેતી તકે મુક્તિની ચાલી રહેલી હિલચાલ સામે જોરદાર વાંધો ઉઠાવીને હવે મુંબઈ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી ચુકી છે. નવેસરથી અરજી દાખલ કરવામાં આવતા સંજયદત્તની વહેલી તકે મુક્તિ સામે અડચણો આવી શકે છે. અરજીદાર પ્રદીપ ભાલેકર દ્વારા કરવામાં આવેલી અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સંજયદત્તની તરફેંણ કરવાની સ્થિતીમાં આ જ આધાર પર અન્ય ૨૭૭૪૦ કેદીઓને પણ છોડવાની જરૂર છે. આ અરજી પર હવે આગામી સપ્તાહમાં સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. સંજય દત્ત ફેબ્રુઆરીના છેલ્લાસપ્તાહમાં પુણેમાં યરવાડા જેલમાંથી છુટી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બોલીવુડ સ્ટાર સંજય દત્તને વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને જેલની સજા ફટકારવામાં આવી હતી. તેના આચરણને ધ્યાનમાં લઈને જેલ સત્તાવાળાઓએ તેની સજાના ગાળામાં કાપ મુકવાનો નિર્ણય કર્યો

● અનુસંધાન પાન-૭ પર



# મહેન્દ્રસિંહ ધોની સામે બિનજામીનપાત્ર વોરંટ

## મેગેઝિનના કવર પર વિષ્ણુ ભગવાનના રૂપમાં દેખાવવાનો મામલો : ધોનીને ૨૫મી ફેબ્રુઆરીના દિવસે આંધ્રપ્રદેશની અનંતપુર કોર્ટમાં ઉપસ્થિત થવા માટે આદેશ કરવામાં આવ્યો : ધોની હાલ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં છે

નવીદિલ્હી,તા. ૮

ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે જેથી ક્રિકેટ ચાહકોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ભગવાન વિષ્ણુ તરીકે એક મેગેઝિનના કવર પર નજરે પડવા બદલ તેની સામે અનંતપુરમાં આવેલી કોર્ટ દ્વારા વોરંટ જારી કરવામાં આવ્યું છે. ૩૪ વર્ષીય મહેન્દ્રસિંહ ધોનીને ૨૫મી ફેબ્રુઆરીના દિવસે કોર્ટમાં ઉપસ્થિત થવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ઘણી બધી બાબતો જાળવવા બદલ ભગવાન વિષ્ણુ તરીકે બિઝનેસ ટુડેના કવર ઉપર એક જાહેરાતમાં ધોની દેખાયો હતો જેના કારણે તે હવે મુશ્કેલીનો સામનો કરી

● અનુસંધાન પાન-૭ પર




# રાજદ્રોહ કેસ મામલે હાર્દિક સામે અંતે ચાર્જશીટ દાખલ

## ૩૭૦ પાનાની ચાર્જશીટ સાથે દસ્તાવેજો પણ છે : કોલ રેકોર્ડ, વોટ્સઅપ વાતચીત સહિતના દસ્તાવેજો સાથે ચાર્જશીટ રજૂ

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગ કરીને જોરદાર આંદોલન છેડીને દેશભરમાં ખળભળાટ મચાવનાર પાટીદાર નેતા હાર્દિક પટેલ સામે પોલીસે રાજદ્રોહના આરોપો દાખલ કરી દીધા છે. હાર્દિક સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ ચાર્જશીટમાં કોલ રેકોર્ડ સાથે સંબંધિત દસ્તાવેજો, વોટ્સઅપમાં થયેલી વાતચીતની માહિતીનો ઉલ્લેખ થાય છે. પબ્લિક પ્રોસીક્યુટર નયન સુખડવાલાએ આ મુજબની વાત કરી હતી. ૩૭૦ પાનાની ચાર્જશીટ સાથે ઘણા બધા દસ્તાવેજો પણ જોડવામાં આવ્યા છે. ૨૨ વર્ષીય હાર્દિકે ઓક્ટોબર મહિનામાં આત્મહત્યા કરવાના બદલે પોલીસ જવાનોને મારી નાંખવા એક યુવાનને ઉશ્કેરવા બદલ દેશદ્રોહના આરોપોનો સામનો કરી રહ્યો છે. રાજદ્રોહના કેસમાં જેલવાસ ભોગવતા પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ સામે સુરત ક્રાઈમ બ્રાન્ચ આજે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી હતી. ક્રાઈમબ્રાન્ચ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## આંબે આવ્યા મ્હોર...



(તસવીર : કશ્યપ નિમાવત)

# કચ્છમાં પણ આતંકવાદીઓ ઘુસણખોરીની શક્યતા : રિપોર્ટ

## સેન્ટ્રલ આઈબીની ચેતવણી બાદ સાવચેતીના પગલા : સેન્ટ્રલ આઈબીની ચેતવણી છતાં ઘણા ટોપ અધિકારીઓ ત્રણ દિવસના ગુણોત્સવને ધ્યાનમાં લઈને ફરજ પર તૈનાત

અમદાવાદ,તા. ૮

પઠાણકોટ એરબેઝ ઉપર ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ દેશભરમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. એલર્ટની જાહેરાત વચ્ચે સેન્ટ્રલ આઈબી દ્વારા એવી ચેતવણી પણ આપવામાં આવી છે કે, કચ્છમાં જમીન અને દરિયાઈ સરહદથી ત્રાસવાદીઓની ઘુસણખોરી થઈ શકે છે. આ પ્રકારના અહેવાલ આવ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. કચ્છમાં સંભવિત ઘુસણખોરીની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ આતંકવાદી હુમલાની ઘાત હજુ પણ સંપૂર્ણપણે ટળી નથી. હાઈએલર્ટની જાહેરાત કરાઈ હોવા છતાં ઘણા અધિકારીઓને ગુણોત્સવ ફરજ ઉપર મોકલી દેવામાં આવ્યા છે. ત્રણ દિવસના ગુણોત્સવમાં અધિકારીઓને મોકલવામાં આવ્યા છે. ટોચના અધિકારીઓ આ ગાળા દરમિયાન વિદ્યાર્થીઓની કુશળતાની ચકાસણી કરવા સરકારી સ્કૂલોની

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તરાયણ ઓફર
Rs. 500/-* માં
2 પેન્ટ (Minor Second) or 2 બરમ્યુડા/શોર્ટ or 2 શર્ટ or 2 ટી-શર્ટ
વ્યક્તિ દિઠ વધુ માં વધુ ૪ પેન્ટ મળશે,
મુરલીધર ફેક્ટરી આઉટલેટ
C/7-8, કોબા એપરલ પાર્ક, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર. (સમય: ૯ થી ૭)

જય શ્રી રાધે
Since. 1971...
ગરમાગરમ નાસ્તા માટેનું નવું સરનામું
સીંગતેલમાં બનાવેલ અમારા પ્રખ્યાત મેથીના ગોટા
ભેળ તો પેથાપુરની જ...
ગાંધીનગરના પ્રખ્યાત
we know your taste ! pooja TM
LIVE ઢોકળા
નાયલોન ખમણ
પાત્રા
સમોસા
કચોરી
ખાંડવી
નવતાડ સમોસા
ચાઈનીઝ સમોસા
દાબેલી
વડાપાઉં
સીંગતેલમાં બનાવેલ ચટાકેદાર ઊંધીયું દર રવિવારે મળશે.
તલના તેલમાં બનાવેલા ગરમા ગરમ તુવેર ટોઠા દરરોજ સાંજે ૫-૦૦ વાગ્યાથી મળશે.
સુખડીયા સ્નેક્સ
વસંતલાલ કાંતીલાલ સુખડીયા
મહાલક્ષ્મી - ૧ શોપીંગ સેન્ટર, પેથાપુર ચોકડી, પેથાપુર, ગાંધીનગર.
મો. ૯૮૭૯૪ ૨૪૪૨૩, ૯૪૨૯૫ ૨૪૮૧૨, ૯૫૩૭૬૯૬૮૦૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
In search of extraction of life...
અર્ક વ્યાખ્યાનમાળા
તારીખ : ૧૦ જાન્યુઆરી, ૨૦૧૬. રવિવાર
સમય : સવારે ૯.૪૫ કલાકે
સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર
જાહેર નિમંત્રણ
જેમના શબ્દે-શબ્દે સુગંધ પ્રગટે છે, જેમના વિચારો પ્રેમના અવતરણના પ્રતીક છે, જેમના અમૃત આસવ જેવા આલેખનો હૃદયને શાતા આપે છે એવા લેખક અને પ્રેરક
ડો. આઈ. કે. વીજળીવાળા
જીવનનો અભિગમ
વિષય પર ચિંતનાત્મક વક્તવ્ય આપશે.
વૈચારિક સમૃદ્ધિ પ્રદાન કરતા આ અવસરે પધારવા નાગરિકોને ભાવભર્યું આમંત્રણ છે.
PARAM

આપણાં શહેરની મધ્યમાં આયુર્વેદીક દવાઓ
બધી જ પ્રખ્યાત આયુર્વેદીક કંપનીઓની દવાઓ મળશે
Dabur ZANDU Ayurveda Products SANDU Himalaya HERBALS Baidyanath dhanvantari NAGARJUNA PATANJALI Charak
શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ MNM WELL CARE ☎079-23241415 SUNDAY CLOSE
સેક્ટર-૬, ભુવનેશ્વર મહાદેવનાં મંદિરની સામે, ગાંધીનગર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82